રે.. કાના... તારા વિના વેરણ લાગે આ રાતડી....



(તસવીર : દિપક જાની)

# આગામી ઉજીએ રૂપાલની પલ્લીનો મેળો

## ૧૪ સી.સી. ટી.વી. કેમેરા, ૮ મોટા સ્ક્રીન તેમજ ૮ ગામોમાં ખાસ લાઈવ પ્રસારણ કરાશે : ૧૨ કિલો ચાંદીની વસ્તુઓ ભેટ મળી છે : ૧૦ લાખ માઈ ભકતો મેળામાં ભાગ લેશે તેવો અંદાજ : તૈયારીઓ પૂરજોશમાં

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે આવેલ વરદાયિની માતાનો પલ્લીનો મેળો આગામી ઉજી ઓકટોબરના રોજ પરંપરાગત રીતે ઉજવવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

વરદાયિની સંસ્થાના વહીવટદાર અને મામલતદાર શ્રી ડી.જી. મોદી તથા મેનેજર શ્રી અરવિંદભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે પલ્લીનું પર્વ સંપૂર્ણ શ્રધ્ધા સાથે માઈભકતો ઉજવી શકે તેની પુરતી કાળજી લેવામાં આવી છે. આ પલ્લી જે તેના પરંપરાગત માર્ગપરથી પસાર થાય છે તેના રિસરફેસીંગ અને સફાઈ સહિતની તમામ કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે આ પલ્લીના મેળા માટે ૧૪ જેટલા સી.સી. કેમેરા ટી.વી. લગાવવામાં આવ્યા છે. તેમજ જે સ્થાનો ૨૭ નિયત કરાયા છે ત્યાં પૂજા અર્ચન માટે વિશેષ મંડપ બાંધવામાં આવ્યા છે.

આ મેળામાં દૂર ઉભેલા માઈભકતો સરળતાથી પલ્લીના રથના દર્શન કરી શકે તે માટે ૮ મોટા સ્ક્રીન પણ યાત્રાના રૂટ પર મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ૮ ગામોમાં પલ્લીના મેળાનું સીધું પ્રસારણ વેબ કાસ્ટીંગથી કરવામાં આવશે. આ મેળાનું પ્રસારણ વિદેશમાં પણ નિહાળી શકાશે. તેમણે જણાવ્યું હતું કે પરંપરાગત આ મેળામાં દેશના તેમજ વિદેશના અને રાજયના ઘણા બધા વિસ્તારોમાંથી ૮ થી ૧૦ લાખ માઈભકતો ભાગ લેશે.

આ મેળામાં વાહન વ્યવહાર માટે અમદાવાદ, ગાંધીનગર, કલોલ અને માણસા ખાતેથી ખાસ બસોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ ગામની ત્રણેય દિશામાં વિશાળ પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

શ્રી ત્રિવેદી અને શ્રી મોદીએ જણાવ્યું હતું કે ગત વર્ષે યોજાયેલ પલ્લીના મેળામાં ૪ લાખ કિલો ઘીનો રથ પર અભિષેક કરાયો હતો. આ વર્ષે પણ આટલું ઘી જ પડશે તેવો અંદાજ છે.

તેમણે જણાવ્યુંહતું કે નકલી ઘીનો વેપાર ના થાય તે માટે મધુર અને ઉત્તમ ડેરીમાંથી શુધ્ધ ઘીના કાઉન્ટર ગામમાં ઉભા કરવા માટે ડેરી સંચાલકો સાથે વાતચીત ચાલી રહી છે જે આગામી એકાદ બે દિવસમાં આખરી થઈ જશે.

તેમણે કહ્યું હતું કે આ વર્ષ દરમિયાન રૂ. ૫૦ થી ૬૦ લાખની આવક મંદિરને થઈ છે. માઈભકતો માટે પ્રસાદરૂપે ખીચડી-કઢી આપવામાં આવશે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે મંદિરમાં પણ વિશેષ વ્યવસ્થાઓ માઈભકતો માટે કરાઈ છે. જેથી ભીડ ના થાય. તેમણે કહ્યુંહતું કે 'મા'ના દર્શન માટે વહેલી સવારથી મંદિરમા માઈ ભકતો પ્રવેશ કરી શકશે.

આ વર્ષે માતાને એક માઈભકત તરફથી નકશી વાળો મોટો ગોલખ ભંડાર ચાંદીનો નકશીકામ વાળી થાળી નંગ-૩, વાડકી નં.૬, તેમજ શ્રીયંત્ર, કંકાવટી, ઝારી, આરતી, ઘંટડી અને કંગન ભેટ આપવામાં આવ્યા છે. જે ચાંદીનું કુલ વજન ૧૨ કિલો જેટલું થવા જાય છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મંદિર પાસે આવેલ પ્રા.આ. કેન્દ્ર ખાતે તબીબોની ટીમ પણ ૨૪ કલાક ફરજ પર રહેશે તેમજ જીઈબીની પણ બે ટીમો ખાસ ફરજ પર હાજર રહેશે.

**એસ.આર.પી., સ્થાનિક પોલીસ સાથે બંદોબસ્તમાં**

પલ્લીના વિશ્વ પ્રસિધ્ધ મેળામાં કાયદો અને વ્યવસ્થાના બંદોબસ્ત માટે એસ.આર.પી.ના ૧૦ સેકશન,સ્થાનિક પોલીસ, હોમગાર્ડઝ, ટ્રાફિક પોલીસ, મહિલા પોલીસ બંદોબસ્તમાં ખડે પગે રહેશે.

આ બંદોબસ્તના મોનીટરીંગ માટે બે ડી.વાય.એસ.પી., ૭ પોલીસ ઈન્સ્પેકટર, ૩૨ પો.સ.ઈ. ખાસ ફરજો બજાવશે.

**૧૫૦૦ કિલો ચોખા અને ૬૦૦ કિલો દાળની ખીચડી બનાવાશે**

પલ્લીના મેળામાં ભાગ લેવા આવતા માઈભકતો માટે પ્રસાદમાં ખીચડી-કઢીના વિશેષ પ્રસાદની વ્યવસ્થા કરાઈ છે. આ માટે ૧૫૦૦ કિલો ચોખા અને ૬૦૦ કિલો દાળની વ્યવસ્થા હાલ કરી દેવામાં આવી છે. છાશની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

**મધ્યરાત્રિએ પૂજા વિધિ બાદ યાત્રારંભ થશે**

પલ્લીના મેળામાં મોટા મ્હાડ ખાતે પૂજા અર્ચના અને આરતી બાદ માતાના જય ઘોષ સાથે મધ્યરાત્રિએ પલ્લીનો પ્રારંભ થશે અને વહેલી સવારે પલ્લીની યાત્રા મંદિરે પહોંચશે. ૨૭ સ્થાનો પર પલ્લીનું સ્વાગત અને પૂજા અર્ચના થશે.

**ચાર એમ્બ્યુલન્સ અને ચાર મેડીકલ ટીમો તૈનાત**

પલ્લીના મેળા માટે ચાર એમ્બ્યુલન્સ તેમજ ચાર મેડીકલ ઓફિરોની ટીમો ખાસ ફરજ પર તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ ૨૪x૭ કાર્યરત રહેશે. ૧૦૮ની એક એમ્બ્યુલન્સ પણ વિશેષ રીતે મંદિર પરિસર નજીક રાખવામાં આવશે.

# સીટી પલ્સ પાસેથી ગુમ થયેલા કિશોરનો કેનાલમાંથી મૃતદેહ મળ્યો

## ઈન્ફોસિટી પોલીસ મથકમાં અપહરણનો ગુનો નોંધાયો હતો

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સે. ૪ માં રહેતો અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો ૧૭ વર્ષીય કિશોર મહિપાલ દેસાઈ સીટી પલ્સ પાસેથી લાપતા થઈ ગયો હતો. જે અંગે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરીયાદ નોંધાઈ હતી. પોલીસ તપાસ ચાલી રહી હતી દરમ્યાન ગઈ મોડી સાંજે લાપતા કિશોરનો મૃતદેહ કડી કેનાલમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

સેકટર-૪-સી પ્લોટ નં. ૭૩૬/૧ માં રહેતા રાયમલભાઈ ઉર્ફે ગફુરભાઈ વાલજીભાઈ દેસાઈનો ૧૭ વર્ષનો દિકરો મહિપાલ દેસાઈ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો હતો. ૨૪મી તારીખે ટ્યુશનેથી પરત ફરતા મિત્રના બાઈક પરથી મહિપાલ સીટી પલ્સ પાસે ઉતરી ગયો હતો. ત્યાંથી મહિપાલ ક્યાં ગયો કોઈને ખબર પડી ન હતી. બે દિવસ સુધી પરિવારજનોએ તેની શોધખોળ પોલીસ સાથે મળીને કરી પરંતુ ક્યાંયથી તેના સગડ મળ્યા ન હતા. દરમ્યાન ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધાયો હતો. તપાસ ચાલી રહી હતી દરમ્યાન ગઈ મોડી સાંજે મહિપાલનો મૃતદેહ કડી નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. કોઈ કારણોસર તેણે આપઘાત કરી લીધો હોવાનું બહાર આવ્યું છે.

# સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણી પણ ડેપો સંકુલમાં ગંદકીનું સામ્રાજ્ય

## એસ.ટી. ડેપોમાં છેલ્લા ઘણા સમયથી સફાઈ વ્યવસ્થા પડી ભાંગી છે

ગાંધીનગર, તા. ૨૭

સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણી અન્વયે શાળાઓ, સરકારી કચેરીઓ અને પોલીસ સ્ટેશનોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આમ છતાં શહેરના મુખ્ય વિસ્તારોમાં સ્થિત ડેપો સંકુલમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ડેપોમાં સફાઈ વ્યવસ્થા ખાડે જતા મુસાફરો પણ ગંદકીના લીધે ગુંગળામણ અનુભવી રહ્યા છે.

સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણીના ઓવરણા લેવાઈ રહ્યા છે ત્યારે ભારત સરકારની આ સોહામણી

● અનુસંધાન પાન-૭ પર

# સ્વચ્છ ભારત સપ્તાહ ઉજવણી અન્વયે જિલ્લાની શાળાઓમાં સફાઈ

## જિલા શિક્ષણાધિકારીએ રૂપાલ અને રાંધેજા શાળાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૭

સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણી અન્વયે જિલ્લાની ૧૯૯ શાળાઓમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સરકારી-ગ્રાન્ટેડ શાળાઓમાં હાથ ધરાયેલ આ અભિયાન દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીએ પણ રૂપાલ તેમજ રાંધેજા શાળાની મુલાકાત લઈ ઝુંબેશ સંદર્ભે સૂચનો કર્યા હતા.

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા તા. ૨૫ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર દરમિયાન સ્વચ્છ ભારત સપ્તાહ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણી અન્વયે શાળાઓમાં પણ સફાઈની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરમાં પણ શહેરી ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# રૉ-સ્ટાર દર્શન રાવલ કુપોષણ સામે જન જાગૃતિ અભિયાનમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૭

સ્ટાર પ્લસ પરથી પ્રસારિત થતા રીઆલીટી શૉ




રોક સ્ટાર ઓફ ઈન્ડીયાનો ઉભરતો કલાકાર દર્શન રાવલ રવિવારે હોસ્ટ ગોહરખાન સાથે અમદાવાદ આવશે. આ દરમિયાન રૉ સ્ટાર દર્શન બ્રેસ્ટ કેન્સરથી પીડીત મહીલાઓ તેમજ કુપોષણ અંગે જનજાગૃતિ કેળવવાના એક કાર્યક્રમમાં ભાગ લેશે. દર્શને તેના અવાજના જાદુથી દેશવાસીઓના હૃદયમાં આગવું સ્થાન મેળવ્યું છે.

સ્ટાર પ્લસ પરથી દર રવિવારે ૭ કલાકે પ્રસારિત થતા રીઆલીટી શૉ-રોક સ્ટાર ઓફ ઈન્ડિયાનો સતત પાંચ વખતથી અણનમ ગુજરાતી મ્યુઝિક લવર દર્શન રાવલ આજે રવિવારે ૪ કલાકે અમદાવાદ આવી રહ્યો છે. સ્ટાર પ્લસના રૉ-સ્ટાર ઓફ ઈન્ડિયાની હોસ્ટ ગોહરખાન અને દર્શન રાવલ રવિવાર અમદાવાદ અને સોમવારે ૯ કલાકે અમદાવાદ મેમનગરની એચ.બી. કાપડીયા હાઈસ્કૂલના પટાંગણમાં બ્રેસ્ટ કેન્સરથી પીડાતી મહિલાઓ માટેના અવરનેસ કાર્યક્રમ અને કુપોષણ અંગે જનજાગૃતિ માટે યુવાનોને જાહેર અપીલ કરશે.

દર્શન રાવલ દર રવિવારે ૭ કલાકે સ્ટાર પ્લસ પર તેના ગીતોથી દેશભરમાં જાણીતો બન્યો છે. આ તબક્કે આ ગુજરાતી યુવકને ઈન્ડીયાનો રૉ-સ્ટાર બનાવવા ૧૮૦૦૮૩૩૯૦૦૩ પર એક મિસ કોલ આપવા પણ અપીલ કરવામાં આવી છે.

હવે મેળવો
11.36% દ.વ.*
૬૦ મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને ૮ વર્ષ ૧ માસમાં બમણી કરો!!*
ડીસીબી ફિક્સ્ડ ડિપોઝીટ ખોલાવો અને મેળવો એક સ્ટાઈલિશ લેપટોપ બેગ, તદ્દન મફત!^



ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરે: 9825647075 / 9879204002 / 65730141
*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 9.10% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. *8.75%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ.
^24 મહિનાનાં લઘુત્તમ સમયગાળા માટે, રૂ.5 લાખ કે તેથી વધુનાં એક ફિક્સ્ડ ડિપોઝીટ ખોલાવવા પર જ આ મફત ભેટ લાગુ થશે. આ ભેટ ફક્ત 1લી ઓગષ્ટ 2014થી 30મી સપ્ટેમ્બર 2014 ની વચ્ચે ખોલાવવામાં આવેલ ફિક્સ્ડ ડિપોઝીટ પર જ લાગુ થશે.
નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 7 જુલાઈ, 2014 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)
DCB BANK

## જાહેર હરાજી

ગૂજરાત વિદ્યાપીઠ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા, તા.જી. ગાંધીનગર ખાતે ફળાઉ આંબળાના (૨૦૮ ઝાડ ૧ વર્ષ માટે) ઝાડ ઉપરથી ફળ ઉતારવાનો ઈજારો આપવા માટેની જાહેર હરાજીથી તા. ૭/૧૦/૨૦૧૪ના રોજ બપોરે ૩-૦૦ કલાકે યોજેલ છે.રસ ધરાવતી સંસ્થા / વ્યક્તિઓએ વધુ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

**ટેલીફોન નં. (૦૭૯) ૨૩૯૭૫૨૨૩**

નિયામક

Y.A. MANSURI - M. : 9824049503
SANJAY S. SHAH P. Manubhai Medical
Since 1986
अभय
FEEL FREE, BE FEARLESS
• Corporate Gathering • Exhibitions • Celebrations • Marriage • Reception • Parties • Seminars
GOVT. APPROVED CONTRACTOR
IAF
ISO 9001:2008
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
ABHAY DECORATORS
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

પાર્શ્વનાથ પેવર્સ
ટાઈલ્સ ઈન્ડિયા



ડીલર : ગ્રે / વ્હાઈટ સિમેન્ટ તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
E-Mail : tilesindia52@gmail.com website : www.parshwanathpavers.com

## પ્રાર્થનાંજલિ



**સ્વ. હર્ષદરાય ચુનીલાલ પંડ્યા**

**સ્વ. તા. ૨૪/૯/૨૦૧૪**

**પૂજ્ય દાદાજી**

**આપની અણધારી વિદાયે**
**અમારા લાગણી પ્રવાહને અટકાવ્યો...**
**અમારા જીવનમાં આપનો વ્હાલ**
**અમારા ઘડતરમાં પૂરક બન્યો છે.**
**પૂજ્ય દાદાજી આપની હૂંફ અને પ્રેમ**
**અમારા જીવનનું ઘરેણું બની રહેશે.**
**પરમ તત્વને પ્રાર્થના કે અમારા**
**દાદાજીના આત્માને ચિરશાંતિ અર્પે...**
**ૐ શાંતિ... શાંતિ... શાંતિ...**

એજ લિ.

| | |
|---|---|
| ચેતાંગી પુજારા | અનુપા પંડ્યા |
| પંકિલ પંડ્યા | તૃષા પંડ્યા |
| પ્રિયાંશ પંડ્યા | મૈત્રી પંડ્યા |
| પ્લક્ષા પંડ્યા | જૈષ્ઠા પંડ્યા |

અમદાવાદની પ્રસિધ્ધ વિકલ્પ એકેડમી હવે ગાંધીનગરમાં
બિન સચિવાલય-કલાર્ક
★ફ્રી ડેમો લેકચર-મટિરીયલ
★અક્ષર પ્રકાશન-પુસ્તકોના લેખક (શ્રી પ્રવિણ અજુડીયા દ્વારા કોચીંગ)
★નિયમિત ટેસ્ટ-રેગ્યુલર / વીક એન્ડ બેચ
સમય ૮ થી ૮
વિકલ્પ એકેડમી
આવકાર કોમ્પ્લેક્ષ, બીજે માળે, સે-૭/ડી, (૭/૮ બસ સ્ટેન્ડ પાસે)
M-8401151253,9429135835

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com